# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 11-11-2024 Evening : 7.50 to 8.00
Day : Monday National News

આકાશવાણી સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

****************************************************

1) ઝારખંડ વિધાનસભા ચૂંટણીનો પ્રથમ તબક્કો અને 11 રાજ્યોની 33 વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી માટે પ્રચારનો અંત
2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, સમગ્ર વિશ્વ ભારતીય યુવાનોની ક્ષમતાથી આકર્ષિત છે
3) સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ સંજીવ ખન્નાએ ભારતના 51મા મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે શપથ ગ્રહણ કર્યા
4) ભારતીય વિદેશી વેપાર સંસ્થા-IIFTનું નવું કેમ્પસ ટૂંક સમયમાં દુબઈમાં શરૂ કરવામાં આવશે.
5) વિશ્વ પ્રસિધ્ધ મૃદંગમ વિદ્વાન વરદરાવ કમલાકર રાવનું અવસાન.
6) બિહારના રાજગીરમાં મહિલા હોકી ચેમ્પિયનશીપમાં ભારતે મલેશિયાને ચાર-શૂન્યથી હરાવ્યું

* * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * *

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## JHARKHAND ELECTION-1

ઝારખંડ વિધાનસભા ચૂંટણીનાં પ્રથમ તબક્કા માટે તથા 10 રાજ્યોની વિધાનસભાની 33 બેઠકોની પેટાચૂંટણીનાં પ્રચારનો આજે અંત આવ્યો છે. આ તબક્કામાં 13 નવેમ્બરે ઝારખંડમાં 43 બેઠકો માટે મતદાન યોજાશે. એનડીએ અને ઇન્ડિ ગઠબંધનનાં સ્ટાર પ્રચારકોએ મતદારોને આકર્ષવા છેલ્લી ઘડીનાં પ્રયત્નો કર્યા હતા. ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે મેરા બુથ સબસે મજબૂત ઝૂંબેશ હેઠળ ઝારંખડમાં ભાજપના કાર્યકરો સાથે સંવાદ કર્યો હતો. પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, ઝારખંડનાં ઝડપી વિકાસ માટે રાજ્યમાં ડબલ એન્જિન સરકારની જરૂર છે. બીજી બાજુ, જેએમએમના વરિષ્ઠ નેતા અને મુખ્યમંત્રી હેમંત સોરેને આક્ષેપ કર્યો હતો કે એનડીએનાં શાસનમાં ઝારખંડનાં હિતોની અવગણના કરવામાં આવી છે. પલામુમાં ચૂંટણી સભાને સંબોધતા શ્રી સોરેને એનડીએ સરકાર પર રાજ્યમાં અનેક મહત્વાકાંક્ષી યોજનાઓને અટકાવવાનો આરોપ મૂક્યો હતો.

દરમિયાન, આજે 10 રાજ્યોની 33 વિધાનસભા બેઠકોની પેટા ચૂંટણીનાં પ્રચાર પડઘમ શાંત થયા છે, જેમાં ગુજરાતની વાવ અને કેરળની વાયનાડ લોકસભા બેઠકનો સમાવેશ થાય છે. વાયનાડ બેઠક પર કોંગ્રેસનાં મહામંત્રી પ્રિયંકા ગાંધીએ પ્રથમ વાર ઉમેદવારી નોંધાવી છે.

દરમ્યાન, ભારતીય જનતાપાર્ટીએ આજે ચૂંટણી પંચને કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી સામે કાર્યવાહી કરવાની માંગ કરી છે. ભાજપે શ્રી ગાંધી પર મહારાષ્ટ્ર ચૂંટણીમાં ફરી એકવાર જુઠ્ઠાણા ફેલાવવાનો પ્રયાસ કર્યો હોવાનો આરોપ મૂક્યો છે.

ગયા સપ્તાહે મુંબઈમાં શ્રી ગાંધીએ કરેલા ભાષણને ટાંકીને ભાજપે આદર્શ આચાર સંહિતાના ગંભીર ઉલ્લંઘન માટે કોંગ્રેસના સાંસદ સામે કાર્યવાહી કરવા માટે પંચને રજૂઆત કરી હતી.પક્ષના વરિષ્ઠ નેતા અર્જુનરામ મેઘવાલના નેતૃત્વમાં ભાજપનું પ્રતિનિધિમંડળ આજે મુખ્ય ચૂંટણી કમિશનરને મળ્યું હતું.

## PM-SWAMINARAYAN MANDIR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, સમગ્ર વિશ્વ ભારતીય યુવાનોની ક્ષમતાથી આકર્ષિત છે. તેમણે જણાવ્યું કે, આજે મોટા ભાગનાં વૈશ્વિક નેતાઓ ઇચ્છે છે કે ભારતીય યુવાનો અને કુશળ માનવબળ પોતાનાં દેશમાં કામ કરે.

ખેડા જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ વડતાલ સ્વામીનારાયણ મંદિરના દ્વિ-શતાબ્દી મહોત્સવ પ્રસંગે વર્ચ્યુઅલ માધ્યમથી સંબોધન કરતા પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, આપણા યુવાનોની વૈશ્વિક માંગ વધી રહી છે. શ્રી મોદીએ વિકસીત ભારત માટે સશક્ત યુવાનોને દેશની સૌથી મોટી તાકાત ગણાવી, આ મુજબ જણાવ્યું.

(બાઇટ-પીએમ)

## DR. S JAISHANKAR INDIA RUSSIA BUSINESS FORUM

વિદેશ મંત્રી ડોક્ટર એસ. જયશંકરે ભારત અને રશિયા વચ્ચેના વેપાર સંબંધોને મજબૂત કરવાની જરૂરિયાત પર પ્રકાશ પાડ્યો છે. તેમણે મુંબઈમાં ઈન્ડિયા-રશિયા બિઝનેસ ફોરમમાં ચાવીરૂપ વક્તવ્ય આપ્યું હતું.  આ પ્રસંગે રશિયાના પ્રથમ નાયબ વડા પ્રધાન ડેનિસ માન્તુરોવ તથા અન્ય મહાનુભાવો હાજર હતા. ડોક્ટર જયશંકરે જણાવ્યું કે હાલમાં, બંને દેશો વચ્ચેનો વેપાર 66 અબજ ડોલરનો છે.તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ વેપાર 2030 સુધીમાં 100 અબજ ડોલરના આંકને પાર કરી જશે. તેમણે કહ્યું કે બંને દેશો પરિવહન, બેન્કિંગ જેવા ક્ષેત્રો સાથે સંબંધિત સમસ્યાઓના ઉકેલ માટે કામ કરી રહ્યા છે.

## SCINDIA ELECTRONICS

કેન્દ્રીય સંદેશાવ્યવહારમંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ કહ્યું કે સરકાર દેશમાં ઈલેક્ટ્રોનિક્સનાં ઉત્પાદનનાં વિકાસ માટે પ્રતિબદ્ધ છે. તેમણે આજે નવી દિલ્હીમાં દક્ષિણ એશિયન ટેલિકોમ્યુનિકેશન રેગ્યુલેટર્સ કાઉન્સિલની 25મી બેઠકના ઉદ્ઘાટન દરમિયાન આ  મુજબ જણાવ્યું. શ્રી સિંધીયાએ કહ્યું કે દેશની લગભગ 99.3 ટકા

મોબાઈલ જરૂરિયાતો ભારતમાં ઉત્પાદિત થાય છે. રેગ્યુલેટર્સ કાઉન્સિલ વિશે બોલતા, શ્રી સિંધિયાએ કહ્યું કે આ બેઠક દક્ષિણ એશિયાના દેશોના નિયમનકારોને મળવાની અને વિચારોનું આદાનપ્રદાન કરવાની તક પૂરી પાડશે.

## IFFI-GOA

આંતરરાષ્ટ્રીય ભારતીય ફિલ્મ મહોત્સવ- IFFI ગોવામાં આ મહિનાની 20મી તારીખથી શરૂ થશે. આજે નવી દિલ્હીમાં પત્રકાર પરિષદમાં માહીતી આપતા માહિતી અને પ્રસારણ રાજ્ય મંત્રી ડોક્ટર એલ મુરુગને જણાવ્યું કે, ફિલ્મ મહોત્સવને ફિલ્મ નિર્માતાઓ અને દર્શકો તરફથી ખૂબ સારો પ્રતિસાદ મળ્યો છે. તેમણે જણાવ્યું કે, આંતરરાષ્ટ્રીય સ્તરનો આ સૌથી મોટો ફિલ્મ મહોત્સવ છે. તેમણે ઉમેર્યું કે, દેશનાં અર્થતંત્રમાં ભારતીય સિનેમા મોટી ભૂમિકા ભજવી રહ્યો છે.

માહિતી અને પ્રસારણ મંત્રાલયના સચિવ સંજય જાજુએ જણાવ્યું કે, આ વર્ષનાં મહોત્સવમાં યુવા ફિલ્મકારો પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે. તેમણે જણાવ્યું કે, યુવા પ્રતિભાઓને પ્રોત્સાહન આપવા માટે બેસ્ટ ઇન્ડિયન ડેબ્યુ ડિરેક્ટર એવોર્ડ શરૂ કરવામાં આવ્યો છે. મહોત્સવનો પ્રારંભ ઓસ્ટ્રેલિયન ફિલ્મ બેટર મેનનાં એશિયા પ્રિમીયર સાથે થશે.

## MID BREAK- NEWS-REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો આ .રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો વધુ સમાચાર માટે આપ અમારા .એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.**

## PM-CJI KHANNA

સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ સંજીવ ખન્નાએ આજે ભારતના 51મા મુખ્ય ન્યાયમૂર્તિ તરીકેશપથ ગ્રહણ કર્યા છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાષ્ટ્રપતિ ભવનમાં તેમને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. ન્યાયાધીશ સંજીવ ખન્ના સેવાનિવૃત્ત ન્યાયમૂર્તિ ડી. વાય. ચંદ્રચુડના અનુગામી બન્યા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મુખ્ય ન્યાયમૂર્તિ સંજીવ ખન્નાને શુભેચ્છા પાઠવી છે.

## IIFT CONVOCATION

કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે આજે જાહેરાત કરી હતી કે ભારતીય વિદેશી વેપાર સંસ્થા -IIFTનું નવું કેમ્પસ ટૂંક સમયમાં દુબઈમાં શરૂ કરવામાં આવશે.

શ્રી ગોયલે આજે નવી દિલ્હી ખાતે IIFTના 57માં દીક્ષાંત સમારોહને વર્ચ્યુઅલ રીતે સંબોધતાં, ભારતના ઉજ્જવળ ભવિષ્યને સુરક્ષિત કરવામાં યુવા સ્નાતકોની મહત્વની ભૂમિકા પર ભાર મૂક્યો હતો. તેમણે પ્રધાન નરેન્દ્ર મોદીને ટાંકીને કહ્યું કે ભારતનું ભવિષ્ય આત્મવિશ્વાસથી ભરેલી યુવા પેઢીના હાથમાં છે.મંત્રીશ્રી એ કહ્યું કે આજે યુવ ભારત પાસે વિશ્વ સમક્ષ 140 કરોડ મહત્વાકાંક્ષી ભારતીયોના ભાગ્યને ઘડવાની તક છે. વાણિજ્ય સચિવ અને આઈઆઈએફટીના ચાન્સેલર સુનિલ બર્થવાલે જણાવ્યું હતું કે યુવાનોનું વિઝન વ્યાપક હોવું જોઈએ અને તેઓ અર્થતંત્રના વિકાસ માટે વ્યાપક યોગદાન આપી શકે છે.

## MRIDANGAM SCHOLAR PASSES AWAY

વિશ્વ પ્રસિધ્ધ મૃદંગમ વિદ્વાન વરદરાવ કમલાકર રાવનું આજે રાજમુંદ્રી ખાતે અવસાન થયું છે. તેઓ 88 વર્ષના હતા. તેમને કેન્દ્રીય સંગીત નાટક અકાદમી પુરસ્કાર અને રાષ્ટ્રપતિચંદ્રક સહિતનાં અગણિત પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા.

શ્રી કમલાકર રાવે અનેક રેડિયો રાષ્ટ્રીય સંગીત કાર્યક્રમો તથા દૂરદર્શનનાં વિશેષ કાર્યક્રમોમાં પોતાની પ્રસ્તુતિ રજૂ કરી હતી.

## BIHAR HOCKEY

બિહારના રાજગીરમાં મહિલા હોકી ચેમ્પિયનશીપનો આજથી પ્રારંભ થયો છે. જાપાન અને દક્ષિણ કોરિયા વચ્ચેની પ્રથમ મેચ ડ્રોમાં પરિણમી હતી. બીજી મેચમાં ચીને થાઇલેન્ડને 15-શૂન્યથી પરાજય આપ્યો હતો. નવનિયુક્ત કેપ્ટન સલિમા તેટેના વડપણ  હેઠળની ભારતીય ટીમે મલેશિયાને ચાર શૂન્યથી પરાજ્ય આપ્યો હતો. અનેક પેનલ્ટી કોર્નર્સ ગુમાવ્યા છતાં ભારતીય ખેલાડીઓ તેમાંનાં ત્રણને ગોલમાં પરિવર્તિત કરવામાં સફળ રહ્યા હતા.

આ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં યજમાન ભારત, જાપાન, દક્ષિણ કોરિયા, થાઇલેન્ડ, મલેશિયા અને ચીન એમ કુલ છ ટીમો ભાગ લઈ રહી છે. મુખ્યમંત્રી નિતિશકુમારે સ્પર્ધાનું ઔપચારિક ઉદઘાટન કર્યું હતું.

નાલંદા જિલ્લામાં આવેલા પ્રસિધ્ધ આંતરરાષ્ટ્રીય પર્યટન સ્થળ રાજગીરમાં નિર્મિત અત્યાધુનિક સ્પોર્ટસ કોમ્પલેક્સ ખાતે પ્રથમ વાર આંતરરાષ્ટ્રીય રમતગમત સ્પર્ધા યોજાઈ રહી છે. 10 દિવસની સ્પર્ધામાં કુલ 20 મેચો રમાશે.

## TRUMP - PUTIN - CALL

અમેરિકાના પદનામિત રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિને ગયા સપ્તાહે ટેલિફોન પર વાતચીત કરી હોવાના અહેવાલોને આજે રશિયાએ રદિયો આપ્યો છે.  મોસ્કોમાં દૈનિક પત્રકાર પરિષદમાં બોલતા, ક્રેમલિનના પ્રવક્તા દમિત્રી પેસ્કોવે આ દાવાને ફગાવતા જણાવ્યું કે  બંને નેતાઓ વચ્ચે કોઇ વાતચીત થઈ નથી. તેમણે કહ્યું કે આ અહેવાલો સંપૂર્ણપણે ખોટા અને કાલ્પનિક છે.

અગાઉ, અનેક માધ્યમોએ અહેવાલ આપ્યો હતો કે અમેરિકાના પદનામિત રાષ્ટ્ર પ્રમુખ- ટ્રમ્પ અને રશિયન પ્રમુખ પુતિને તાજેતરમાં ટેલિફોન પર વાતચીત કરી હતી. આ અહેવાલોમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે ટ્રમ્પે પુતિનને યુક્રેનમાં ચાલી રહેલા સંઘર્ષને ન વધારવા વિનંતી કરી હતી.

## JAPAN – CABINET

જાપાનમાં, લિબરલ ડેમોક્રેટિક પાર્ટી- LDP ના નેતા શિગેરુ ઇશિબા જાપાનીઝ ડાયેટના બંને ગૃહોમાં સૌથી વધુ મતો મેળવીને પ્રધાનમંત્રી પદ પર પુનઃ ચૂંટાયા હતા. ડાયેટ તરીકે ઓળખાતી જાપાનની સંસદે પ્રધાનમંત્રી ચૂંટવા અસાધારણ સત્ર બોલાવ્યું હતું. ગયા મહિને યોજાયેલી સામાન્ય ચૂંટણીમાં LDP અને કોમિટોની સંયુક્ત સરકારે બહુમતી ગુમાવ્યા બાદ ઇશિબા અને વિપક્ષી બંધારણીય લોકશાહી પક્ષના નેતા યોશીહિકો નોડા વચ્ચે સ્પર્ધા હતી.

પ્રતિનિધી સભામાં થયેલા મતદાનમાં 67 વર્ષીય ઇશિબાને બહુમતી માટે જરૂરી 233માંથી 221 મતો મળવા છતાં વિજેતા જાહેર થયા હતા. આજે સાંજે ઇમ્પિરિયલ પેલેસ ખાતે આયોજિત સમારોહમાં ઇશિબા ઔપચારિક રીતે પદગ્રહણ કરશે.

## WRITERS CONCLAVE AT LEH

માહિતી અને જન સંપર્ક વિભાગે આજે લેહમાં એક દિવસની હિમાલયના રાજ્યોનાં લેખકોની પરિષદનું આયોજન કર્યું હતું.

આ કાર્યક્રમનો હેતુ હિમાલયના રાજ્યોનાં લેખકો અને વિદ્વાનોને સમાન મંચ પૂરો પાડવાનો હતો. આ પ્રસંગે ડોક્ટર જામયાંગ ગ્યાલસ્તાન દ્વારા લિખિત ગેશે ઇસે ઠાબકાસની જીવનકથાનું વિમોચન કરવામાં આવ્યું હતું.